કમલ આર. પંડ્યા,
ઇ.ચા.મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
જીલ્લા અદાલત–મોરબી.
મોરબી – ૩૬૩૬૪૨

સત્યમેવ જયતે

ઓફીસ : ૦૨૮૨૨–૨૪૨૩૭૬
ડાયરેકટ : ૦૨૮૨૨–૨૪૦૧૨૩
ફેકસ : ૦૨૮૨૨–૨૪૨૩૭૬

ઈ–મેઈલ:dcourt-mrb@gujarat.gov.in

## પરિપત્ર ક્રમાંક નં. બી.૧૬/ ૩૬ / ૨૦૨૬

આથી તમામ ન્યાયિક અધિકારીશ્રીઓ તેમજ અત્રેની કચેરીના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, વકીલશ્રીઓ અને તમામ મુલાકાતી / પક્ષકારોના ધ્યાનાર્થે જણાવવાનું કે, Hon'ble Supreme Court of India દ્વારા Civil Appeal No. 6174 of 2023માં તા.19-02-2026ના ચુકાદા દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬નું કડક પાલન સુનિશ્ચિત કરવા બાબતે મહત્વપૂર્ણ દિશાનિર્દેશો આપવામાં આવેલ છે, જેનાં પાલન સારૂ નીચે જણાવ્યા મુજબની તકેદારીઓ રાખવા આથી જણાવવામાં આવે છે.

૧. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬માં કચરાના કુલ–૪ પ્રકારે વિભાજન અંગે નીચે જણાવ્યા મુજબ વહેંચણી કરવામાં આવેલ છે.

**૧.** Wet Waste (વેટ વેસ્ટ) : શાકભાજી, ફળોની છાલ વિગેરે કચરો, ફળ–ફુલોના અવશેષો, અન્ય સજીવ પદાર્થોનો ભીનો કચરો વિગેરે.

**૨.** Dry Waste (ડ્રાય વેસ્ટ) : પ્લાસ્ટિક, પેપર, કાચ, લાકડું. ધાતુ, રબર વિગેરેની બનાવટો.

૩. Sanitary Waste (સેનીટરી વેસ્ટ): વપરાયેલા ડાયપર, સેનિટરી નેપકીન અને તેને સમાન વસ્તુઓ વિગેરે.

૪. Special Care Waste (સ્પેશિયલ કેર વેસ્ટ) : કલરના ડબ્બા, બલ્બ, થર્મોમીટર, એક્સપાયરી તારીખ વિતી ગઈ હોય તેવી દવાઓ અને અન્ય રાસાયણિક જોખમકારક કચરો અને બાયોમેડિકલ વેસ્ટ.

આ અંતર્ગત Four-Stream Segregation અન્વયે કચેરીના પરીસર ખાતે ચાર ડ્રમનું વર્ગીકરણ કરવામાં આવશે. Segregation ની વ્યવસ્થા તા ૦૧.૦૪.૨૦૨૬ ના રોજથી અમલી થનાર છે. સદર અન્વયે તમામને આથી

સૂચિત કરવામાં આવે છે કે, તેઓએ વર્ગીકરણ મુજબનો કચરો જે તે ડ્રમ/ડસ્ટબીનમાં જ નાખવો.

૨. મોરબી જીલ્લા મધ્યે કાર્યરત તમામ મુખ્ય પ્રિસાઈડીગ ઓફીસર્સશ્રી તથા કચેરીના નાઝીરશ્રીનાઓએ નિયમોના પાલનની દેખરેખ રાખવી.

૩. અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ઉક્ત બાબતે વ્યક્તિગત રીતે જવાબદારી નિભાવવી તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવી.

૪.ઉક્ત દિશાનિર્દેશોનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ઉક્ત દિશાનિર્દેશોનું પાલન કરવામાં ચુક કરનાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામે નોંધ લેવી.

24-3-26

તા. ૨૪/૦૩/૨૦૨૬ (કમલ આર. પંડ્યા)

સ્થળ. મોરબી. ઇ.ચા. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ,

મોરબી.

**નકલ જાણ તથા જરૂરી અમલવારી સારૂ રવાના:-**

૧. મોરબી જીલ્લા મધ્યે કાર્યરત તમામ અદાલતો / બ્રાંચો

૨. રજિસ્ટ્રારશ્રી, ફેમિલી કોર્ટ, મોરબી.

૩. પ્રમુખશ્રી, બાર એસોસીએશન, મોરબી/વાંકાનેર/હળવદ/ટંકારા.

૪. ડી.જી.પી.શ્રી / એ.પી.પી.શ્રીની ઓફીસ, મોરબી.

૫. મોરબી જીલ્લાની વેબસાઈટ પર તેમજ નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવું.